# મંગલ પ્રગટે ગૃહસ્થ જીવનમાં

(''મંગલ જગે ગૃહી જીવન મેં'' નો ગુજરાતી અનુવાદ)

આચાર્ય સત્યનારાયણ ગોયન્કા



# મંગલ પ્રગટે ગૃહસ્થ જીવનમાં

(આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા લિખિત
હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ)

**આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા**

**વિપશ્યના વિશોધન વિન્યાસ**
**ધમ્મગિરિ, ઈગતપુરી**

**G10 - મંગલ પ્રગટે ગૃહસ્થ જીવનમાં**

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૫
પુનર્મુદ્રણ : ૨૦૧૦, ૨૦૧૪,

**મુલ્ય : રુ. ૫૫.૦૦**
Price : Rs. 55.00

ISBN 81-7414-260-6

**પ્રકાશક :**
**વિપશ્યના વિશોધન વિન્યાસ**
ધમ્મગિરિ, ઈગતપુરી-૪૨૨૪૦૩
જિલ્લો-નાસિક, મહારાષ્ટ્ર
ફોન : ૦૨૫૫૩-૨૪૪૯૯૮, ૨૪૪૦૭૬,
૨૪૪૪૪૦, ૨૪૪૧૪૪,
Email :vri_admin@vridhamma.org
Website:www.vridhamma.org

મુદ્રક :
**અપોલો પ્રિંટિંગ પ્રેસ**
જી-૨૫૯, સીંકોફ લિમિટેડ, ૬૯ એમ.આય.ડી.સી.,
સાતપુર, નાસિક-૪૨૨૦૦૭, મહારાષ્ટ્ર

# વિષય-સૂચી

**બે બોલ.................................................... ૫**

**ગુજરાતી આવૃત્તિની પ્રસ્તાવના.................................... ૬**

**મંગલ-ધર્મ.................................................... ૭**

**શ્રેષ્ઠ મંગલ શું છે ? ............................................ ૯**

**મિત્ર પ્રત્યે વ્યવહાર ........................................... ૧૨**

**ગૃહસ્થ ધર્મ (ધમ્મિક સુત્ત) .................................... ૧૪**

**શીલ-ધર્મ.................................................... ૧૭**

**સુખી-ગૃહસ્થ.................................................. ૧૯**

ઈહલોકીય હિત-સુખનાં સાધન : ચાર સદ્‌ગુણ ........૨૦

પારલૌકિક હિત-સુખનાં સાધન : ચાર ધર્મ-સંપદાઓ...૨૨

સદ્‌ગુહસ્થની ચાર લૌકિક સંપદાઓ....................૨૫

સદ્‌ગૃહસ્થનાં ચાર લૌકિક સુખ...........................૨૭

સદ્‌ગૃહસ્થની ચાર અભિલાષાઓ........................૩૦

સદ્‌ગૃહસ્થની ચાર સંપત્તિઓ ............................૩૨

સદ્‌ગૃહસ્થનાં ચાર કર્તવ્યો ................................૩૫

**ગૃહસ્થની આચાર-સંહિતા................................ ૩૭**

નમસ્કાર કોને કરવા ?.....................................૩૭

ધન-વિનાશનાં છ કારણો..................................૩૯

સાચા મિત્રની ઓળખ .....................................૪૧

વાસ્તવિક છ દિશાઓ .....................................૪૩

(૧) માતા-પિતાની સેવા .................................. 44

(૨) ગુરુજનોની સેવા .....................................૪૫

(૩) પત્નીની સેવા .........................................૪૫

(૪) મિત્રની સેવા .........................................૪૬

(૫) નોકરની સેવા .........................................૪૭

(૬) શ્રમણ-બ્રાહ્મણની સેવા ..............................૪૭
**આદર્શ ગૃહસ્થ ........................................................ ૪૯**
હિતકારી સત્પુરુષ ..........................................૪૯
હિતસુખમય ગૃહસ્થ ........................................૪૯
સુખી ગૃહપતિ ................................................૫૩
વિવાહ-(લગ્ન) ધર્મ-વિધિ..................................૫૫
ચાર પ્રકારના સહવાસ......................................૫૫
મંગલ - મુહૂર્ત ................................................૫૭
પાંચ વર્જિત વેપાર..........................................૫૭
હિત-સુખકારી દુર્લભ પંચરત્ન............................૫૮
ધર્મ રક્ષા કરે છે. ..........................................૫૮
પોતાના કર્મથી જ સુગતિ-દુર્ગતિ, પ્રાર્થનાથી નહીં. ....૫૮
અંધવિશ્વાસનો ત્યાગ ......................................૬૦
ગૃહસ્થને નિર્વાણની પ્રાપ્તિ..................................૬૦
**શીલવતી - ગૃહિણી................................................ ૬૨**
**કુળ-વધૂને માટે દશ ઉપદેશ...................................... ૬૫**
ઉપદેશોનું સ્પષ્ટીકરણ ......................................૬૫
**નવલ વર-વધૂ પ્રતિ આશિર્વચન .................................. ૬૮**
**કરણીયમેત્ત-સુત્ત.................................................... ૭૫**
**પરિશુદ્ધ દાન......................................................... ૭૮**
**દાન-કથા................................................................ ૮૦**
**દાન-ચેતના ........................................................... ૮૬**
**પરાભવ સુત્ત.......................................................... ૯૬**
**મિત્તાનિસંસ સુત્ત ...................................................... ૯૯**
**મંગલ હો ! કલ્યાણ હો !.........................................૧૦૨**

# બે બોલ

"રાજકુમાર સિદ્ધાર્થે ભરયુવાનીમાં રાજમહેલનો વૈભવ-વિલાસ છોડ્યો, સુંદર સુશીલ પત્ની તથા પોતાનાં ઘરડાં મા-બાપને વિલાપ કરતાં છોડ્યાં અને નવજાત શિશુ પુત્ર રાહુલને છોડ્યો. દાઢી-મૂંછ અને માથું મૂંડાવી, ભગવાં વસ્ત્ર ધારણ કરી ભિક્ષુ બની ગયો. જ્યારે ગૌતમ 'બુદ્ધ' બની ગયો, ત્યારે તેમણે એવી શિક્ષા આપી કે જેનાથી હજારો લોકોએ તેમનું અનુકરણ કર્યું. રોતાં મા-બાપ, પુત્ર-પત્નીને છોડીને તેમની જેમ તેઓ પણ ભિક્ષુ બની ગયાં. ભિક્ષુઓનો સંઘ વધતો ગયો, ઘર-પરિવાર ઊજડતા ગયા. બુદ્ધની શિક્ષાનું આ જ પરિણામ આવ્યું. તેમણે સ્વયં ઘર-બાર છોડ્યાં, તેથી ગૃહસ્થ-જીવન પ્રત્યે ઘૃણા ફેલાઈ. બૌદ્ધ ધર્મ નિવૃત્તિનો માર્ગ છે અતઃ પ્રવૃત્તિમાર્ગી ગૃહસ્થ માટે આ માર્ગ પર ન કોઈ આશા છે, ન આશ્વાસન."

આવી અને એના જેવી અનેક મિથ્યા વાતો પાછલાં દોઢ હજાર વર્ષોથી આપણે ત્યાં નિર્બાધ રૂપે પ્રસારિત થતી રહી છે. આ મિથ્યાત્વનું ઉદ્ગમ અને પ્રચારનું મુખ્ય કારણ એ જ હતું કે બુદ્ધવાણીનાં હજારો પાનાંઓનું વિપુલ સાહિત્ય દેશમાંથી વિલુપ્ત થઈ ગયું. તેનું એક પૃષ્ઠ પણ બચ્યું નહીં. જે સર્વજન-હિતકારિણી વિપશ્યના વિદ્યા એક સમયે ઘર-ઘરમાં પ્રચલિત હતી, તેનું પ્રશિક્ષણ તો દૂર, તેનું નામ સુદ્ધાં વિસ્મૃત થઈ ગયું. શબ્દકોષમાંથી આ શબ્દ જ નીકળી ગયો. આવું ભલે જે પણ કારણે થયું હોય, પણ એ સત્ય છે કે એને લીધે આ દેશના એક વિશ્વવંદ્ય ઐતિહાસિક મહાપુરુષ અને તેની કલ્યાણી વિદ્યા ગુમાવી બેઠા. હવે સૌભાગ્યથી આ સમગ્ર સાહિત્ય અને તેમની શીખવવામાં આવેલી વિપશ્યના વિદ્યા પડોશી દેશથી ભારત પરત આવી છે, અને ભારતના જ નહિ, પશ્ચિમના અનેક દેશોના લોકોએ પણ એનો નિઃસંકોચ સ્વીકાર કર્યો છે અને એ સંખ્યા વધતી જઈ રહી છે.

હવે એ સત્ય સ્પષ્ટ થતું જાય છે કે ભગવાન બુદ્ધની શિક્ષા સૌને માટે હતી - કોઈ ભિક્ષુ હોય કે ગૃહસ્થ. એમની શિક્ષા કેવળ ગૃહત્યાગીઓ માટે જ ન હતી, પરંતુ, ગૃહસ્થો માટે પણ એટલી જ મહત્ત્વપૂર્ણ અને

મંગલફળદાયિની હતી. ગૃહસ્થ પોતાનું ગૃહીજીવન કેવી રીતે સુખ-શાંતિથી વિતાવી શકે, તેનો વ્યવહારિક નિર્દેશ ભગવાનની શિક્ષામાં ભર્યો પડ્યો છે. પરંતુ લોકોને એની પૂરી જાણકારી નથી. હજી પણ અનેક લોકોના મનમાં એ ભ્રાન્તિ સમાયેલી છે કે, બુદ્ધની શિક્ષા ગૃહત્યાગીઓ માટે છે, ગૃહસ્થો માટે નહીં.

આ ભ્રાંતિને દૂર કરવા માટે વિપશ્યના વિશોધન વિન્યાસની 'વિપશ્યના' પત્રિકામાં વખતો-વખત બુદ્ધવાણીના આધારે જે લેખો બહાર પડ્યા છે, તેમને આ પુસ્તિકામાં સંકલિત કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે, કે જેથી લોકોના માનસમાંથી મિથ્યા ભ્રાંતિ દૂર થાય. ગૃહસ્થો માટે જેટલા સદુપદેશ આ પુસ્તિકામાં સંકલિત કરવામાં આવ્યા છે, વસ્તુતઃ એનાથી અનેક ગણા અધિક બુદ્ધ-વાણીમાં વિદ્યમાન છે. એનાથી બુદ્ધાનુયાયી દેશોના કરોડો ગૃહસ્થ લાભાન્વિત થતા રહ્યા છે, આજે પણ થઈ રહ્યા છે.

આપણા દેશવાસીઓ એ જાણી લે કે ભગવાન બુદ્ધે સદ્‌ગૃહસ્થો માટે કેટલી વ્યવહારિક અને કલ્યાણકારી શિક્ષા આપી. આનાથી પ્રેરિત થઈને અધિકથી અધિક ગૃહસ્થ ભગવાનના બતાવેલા માર્ગ પર ચાલીને પોતાનું કલ્યાણ સાધી લે ! પોતાનું મંગલ સાધી લે ! આ પુસ્તિકા તેમના માટે પ્રભૂત પ્રેરણાનું કારણ બને !

**વિપશ્યના વિશોધન વિન્યાસ**

ધમ્મગિરિ, ઈગતપુરી - ૪૨૨ ૪૦૩

# ગુજરાતી આવૃત્તિની પ્રસ્તાવના

પૂજ્ય ગુરૂજી શ્રી સત્યનારાયણ ગોયન્કાજી લિખિત હિન્દી પુસ્તકોના ગુજરાતી અનુવાદના પુસ્તકોની શ્રૃંખલામાં "મંગલ જગે ગૃહી જીવનમેં"નો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરી રહ્યા છીએ. સુજ્ઞ વાચકો, આ પુસ્તકનું પણ સ્નેહથી સ્વાગત કરશે.

સૌને માટે મંગલ મૈત્રી.

**વિપશ્યના વિશોધન વિન્યાસ**

# મંગલ-ધર્મ

મારા પ્રિય સાધક - સાધિકાઓ,

મંગલ-ધર્મ મંગલનો ભંડાર છે. મંગલ-ધર્મ સર્વથા સાર્વજનિક છે. માનવ માત્ર માટે સમાનરૂપે કલ્યાણકારી છે. ગૃહસ્થ માટે સર્વોત્તમ જીવન-આદર્શ છે. કદમ-કદમ ગૃહી-જીવનની જવાબદારીઓ નિભાવતા રહીને માનવ જીવનને તેના ચરમ લક્ષ્ય તરફ લઈ જનારો કલ્યાણકારી રાજમાર્ગ છે. પારિવારિક અને સામાજિક સૌમનસ્ય માટે વરદાન છે, મંગલ-ધર્મ. લોક અને પરલોક સુધારવા માટે નિર્મળ વિધાન છે, મંગલ-ધર્મ. મંગલ-ધર્મનો કોઈપણ અંશ એવો નથી કે જે કોઈપણ ગૃહસ્થ માટે અગ્રાહ્ય હોય.

આવો, જોઈએ શું છે આ મંગલ-ધર્મ ?

મૂર્ખાઓની સંગત ન કરવી મંગલ-ધર્મ છે. સત્પુરુષોની સંગત કરવી મંગલ-ધર્મ છે. જેઓ પૂજ્ય છે તેઓનો આદર-સત્કાર કરવો મંગલ-ધર્મ છે. ધર્મને અનુકૂળ પ્રદેશમાં નિવાસ કરવો મંગલ-ધર્મ છે. પુણ્ય કર્મોનો સંચય મંગલ-ધર્મ છે. આત્મ-સંયમ મંગલ-ધર્મ છે. જીવન નિર્વાહ માટે યથોચિત વિદ્યા અને શિલ્પ શીખવું મંગલ-ધર્મ છે. વિનીત રહેવું મંગલ-ધર્મ છે. સમ્યક્-વાણી મંગલ-ધર્મ છે. માતા-પિતાની સેવા મંગલ-ધર્મ છે. પુત્ર-પત્નીનું પાલન-પોષણ મંગલ-ધર્મ છે. નિષ્પાપ વ્યવસાય મંગલ-ધર્મ છે. દાન અને ધર્માચરણ મંગલ-ધર્મ છે. બંધુ-બાંધવોની સહાયતા કરવી મંગલ-ધર્મ છે. અનર્થકારી વર્જિત કામ ન કરવાં મંગલ ધર્મ છે. પાપથી વિરત રહેવું મંગલ-ધર્મ છે. મદિરા સેવનથી બચવું મંગલ-ધર્મ છે. સજાગ, સચેત, અપ્રમત્ત રહેવું મંગલ-ધર્મ છે. ગુરુજનો પ્રત્યે આદરભાવ રાખવો, વિનમ્ર, સંતુષ્ટ અને કૃતજ્ઞ રહેવું મંગલ-ધર્મ છે. યથોચિત સમય પર ધર્મ-શ્રવણ કરવું મંગલ-ધર્મ છે. શ્રમણ-સંતોનું દર્શન મંગલ-ધર્મ છે. યોગ્ય સમય પર ધર્મ-પરામર્શ કરવો મંગલ-ધર્મ છે.

તપ તેમજ બ્રહ્મચર્યનું પાલન મંગલ-ધર્મ છે. દુઃખ, દુઃખનું કારણ, તેનું નિવારણ તથા નિવારણનો ઉપાય-આ ચારેય સચ્ચાઈઓનો સાક્ષાત્કાર કરી અનાર્યમાંથી આર્ય બની જવું મંગલ-ધર્મ છે. ઈન્દ્રિયાતીત નિર્વાણિક અવસ્થાનું સ્વયં પ્રત્યક્ષીકરણ (સાક્ષાત્કાર) કરી લેવું મંગલ-ધર્મ છે. જીવનના ઉતાર-ચડાવમાં મનને અવિચલિત રાખવું મંગલ-ધર્મ છે. નિર્ભય, નિર્મળ અને નિઃશોક રહેવું મંગલ-ધર્મ છે.

સાધકો ! આ મંગલ-ધર્મોનું પાલન કરનાર કોઈ પણ વ્યક્તિ ભલે જે પણ જાતિ-વર્ણ, વર્ગ-સંપ્રદાય કે દેશ-કાળની હોય સુખલાભી જ બને છે. આવો ! આ મંગલ-ધર્મોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીએ. હું મારા પોતાના અનુભવોથી જાણું છું કે આ ધર્મોનો ઉપદેશ આપવો સરળ છે, એમની મહત્તાને બુદ્ધિ અને હાર્દિક સ્તરે સ્વીકારી લેવી સરળ છે. પરંતુ, કઠણ છે, અત્યંત કઠણ છે એ સર્વનું અક્ષરશઃ પાલન કરવું. કદમ-કદમ પર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, બહારની મુશ્કેલીઓ અને એનાથી પણ અધિક આપણી જ ભીતરની મુશ્કેલીઓ. પરંતુ આ મુશ્કેલીઓનો સામનો તો કરવો જ પડશે. એમની સાથે તો સંગ્રામ કરવો જ પડશે. આ સંગ્રામ જ તો જીવન છે. એ જ તો મંગલ-ધર્મની સાધના છે.

આવો ! આ સંગ્રામમાં ઝઝૂમતાં રહીને અથડાતાં-કૂટાતાં રહીને, પડી-પડીને ફરી ઊભાં થતાં રહીને આગળ વધતા રહેવા માટે કૃત સંકલ્પ બનીએ ! પ્રયત્નશીલ બનીએ ! એમાં જ આપણું સાચું મંગલ નિહિત છે!